Paper Code - 3177

B.R.S. Semester-I (New Course) (Gujarati)
July - Sept -2021
Foundation-1 (Theory)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

૧. ઝવેરચંદ મેઘાણીના પિતાનું નામ શું હતું ?
A. મનુભાઈ B. દિલાવરસિંહ C. કાળીદાસ D. રામદાસ

૨. લાંબા છે જ્યાં દિન પ્રિય સખિ રાત્રિયે દીર્ઘ તેવી આ ઐશ્વર્યે પ્રણયસુખની હાય | આશા જ કેવી | - આ પંક્તિ કયા કાવ્યની છે?
A. ચક્રવાક મિથુન B. વસંત વિજય C. દેવયાની D. અતિજ્ઞાન

૩. દાનવોના ગુરુનું નામ શું હતું ?
A. વિશ્વામિત્રી B. પુરુરવા **C.** શુક્રાચાર્ય **D.** બૃહસ્પતિ

૪. ઝવેરચંદ મેઘાણી પોતાને શું કહીને ઓળખાવતા હતા?
A. સાહિત્ય યાત્રી B. વિલાપી C. પહાડનું બાળક D. વિરાટ

૫. ઝવેરચંદ મેઘાણીનો જન્મ ક્યારે થયો હતો?
A. ઈ.સ. ૧૮૯૬ B. ઈ.સ. ૧૯૯૬ C. ઈ.સ. ૧૮૮૫ D. ઈ.સ. ૧૯૯૭

૬. ઝવેરચંદ મેઘાણીને “રાષ્ટ્રીય શાયર”નું બિરુદ કોણે આપ્યું ?
A. ઉમાશંકર જોશી B. ગાંધીજી C. કાકા સાહેબ કાલેલકર D. નર્મદ

૭. સૌરાષ્ટ્રના દૂહાઓ અને લોકકથાઓ કોણે પુનર્જીવીત કર્યા હતા ?
A. મણીરાજ બારોટ B. દિવાળીબેન ભીલ C. અનિલ જોશી D. ઝવેરચંદ મેઘાણી

૮. ઝવેરચંદ મેઘાણીની છેલ્લી નવલકથા કઈ હતી ?
A. કાળચક્ર B. વેવિશાળ C. તુલસીક્યારો D. ગુજરાતનો જય

૯. ઝવેરચંદ મેઘાણી કયા સાહિત્યના સંશોધન –સંપાદન માટે જાણીતા છે ?
A. અર્વાચીન સાહિત્ય B. લોકસાહિત્ય C. દલિત સાહિત્ય D. મધ્યકાલીન સાહિત્ય

૧૦. “માણસાઈના દીવા” માં ઝવેરચંદ મેઘાણીએ કઈ વ્યકિત સાથેના અનુભવો આલેખ્યા છે ?
A. ગાંધીજી B. સરદાર પટેલ C. રવિશંકર મહારાજ D. સ્વામી વિવેકાનંદ

૧૧. ગુરુ બૃહસ્પતિના પુત્રનું નામ શું હતું ?
A. યયાતિ B. કચ **C.** નચિકેતા **D.** બૃગુશ્રવા

૧૨. ગુજરાતી સાહિત્યની સૌપ્રથમ ટૂંકી વાર્તા કઈ છે ?
A. શાંતિદાસ B. લોહીની સગાઇ C. ગોવાલણી D. પોસ્ટ ઓફીસ

૧૩. કવિ કાન્તના મૃત્યુના દિવસે પ્રગટ થઇ હતી તે કૃતિનું નામ જણાવો ?
A. કેકારવ B. પૂર્વાલાપ C. પૂર્વાંચલ D. વનાંચલ

૧૪. સુરતાની વાડીનો મોરલો આ નામથી કોણ જગ પ્રસિધ્ધ છે ?
A. સુન્દરમ B. મીનપિયાસી **C.** કલાપી **D.** કાન્ત

૧૫. યુગવંદના કયા કવિનો કાવ્યસંગ્રહ છે ?
A. ઉમાશંકર જોશી B. ગાંધીજી C. ઝવેરચંદ મેઘાણી D. નર્મદ

૧૬. “માણસાઈના દીવા” કયા પ્રદેશની કથા છે ?
A. ચરોતર પ્રદેશ B. ભાલ પ્રદેશ C. વાગડ પ્રદેશ D. મહીકાંઠા પ્રદેશ

૧૭. “રસહીન ધરા થઈ છે, દયાહીન થયો નૃપ” --- કયા કાવ્યની પંક્તિ છે ?
A. આપની યાદી B. ગ્રામ્યમાતા **C.** વીણાનો મૃગ **D.** સારસી

૧૮. કાકાસાહેબ કાલેલકરે રવિશંકરને શેનું બિરુદ આપેલું છે ?
A. લોકસેવક B. સંસ્કૃતિ વીર C. મહાત્મા D. વીર સપુત

૧૯. “માણસાઈના દીવા” ને કોણ સંસ્કૃતિ સુધારનો કિમતી દસ્તાવેજ તરીકે ઓળખાવે છે ?
A. રવિશંકર મહારાજ B. મહાત્મા ગાંધીજી C. કાકાસાહેબ કાલેલકર D. ઝવેરચંદ મેઘાણી

૨૦. મોતી બારૈયાએ કોની હત્યા કરી ?
A. શેઠની B. મુખીની **C.** હવલદારની D. વાણિયાની

૨૧. બિલ્વમંગલ ખંડકાવ્યની કથાવસ્તુ કયા સંત પુરષના જીવનપ્રસંગમાંથી લેવામાં આવી છે ?
A. સંત રોહિદાસ B. સંત સૂરદાસ **C.** સંત તુલસીદાસ **D.** સંત અમરદાસ

૨૨. પાંડુરાજાએ કયા મુનિની અજાણતા તીરથી હત્યા કરી હતી ?
A. વસિષ્ઠ B. દુર્વાસા **C.** કિન્દમમુનિ **D.** દધીચી

૨૩. સરકારે પાટણવાડિયા કોમના લોકોને ગુનેગાર ગણી કયો કાયદો લાગુ કર્યો ?
A. હાજરી B. મજુરી **C.** હૈડિયા **D.** એકેય નહીં

૨૪. અમલદારે કોના માટે મહારાજ ઇતબાર મુકેલો ?
A. ખોડિઓ B. ભીખા **C.** મોતી બારૈયા **D.** ગોકળ

૨૫. “હરાયું ઢોર” પ્રકરણ કોને ઉદ્દેશીને લખાયું છે ?
A. ઝાલાને B. મોતી બારૈયાને **C.** ખોડીઓને **D.** જનકલ્યાણ

૨૬. રવિશંકર મહારાજને લોકો શું કહીને ઓળખતા હતા ?
A. ગાંધીજીના ફોજદાર B. ગાંધીજીના સરદાર **C.** લોક મહારાજ **D.** સંત મહારાજ
૨૭. લવાણાના ઘીના ડબ્બા કોણે ચોર્યા હતાં ?
A. વાઘલાએ B. મુખીએ **C.** દાજીએ **D.** ગોકળે
૨૮. દેશભક્ત મુખીના ખૂન માટે વડદલાના કેટલા આરોપીઓને સજા થઇ ?
A. પાંચ B. સાત **C.** છ **D.** ચાર
૨૯. "રહસ્ય એ છે કે, લક્ષ્મી અમને ધા-પોકાર કરે છે." – આ વાક્ય કોણ બોલે છે ?
A. ફૂલો B. ઇછલો **C.** ભીખો **D.** વાઘલો
૩૦. કયા ખંડકાવ્યમાં સહદેવની મનોવ્યથા પરાકાષ્ઠાએ અલેખાય છે ?
A. વસંતવિજય B. ચક્રવાકમિથુન **C.** દેવયાની **D.** અતિજ્ઞાન
૩૧. કયા કવિને ખંડકાવ્યના પિતા તરીકે ઓળખવામાં આવે છે ?
A. કવિ કાન્ત B. મીનપિયાસી **C.** કલાપી **D.** સુન્દરમ
૩૨. ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ ટૂંકીવાર્તા કોણે લખી હતી ?
A. મલયાનિલ B. ધૂમકેતુ **C.** સુન્દરમ **D.** ર.વ.દેસાઈ
૩૩. કયા કવિને પ્રણય અને અશ્રુના કવિ તરીકે ઓળખવામાં આવે છે ?
A. સુન્દરમ B. મીનપિયાસી **C.** કલાપી **D.** કાન્ત
૩૪. "અતિજ્ઞાન" ખંડકાવ્યમાં કવિ કાન્તે કોનું મનોમંથન આલેખ્યું છે ?
A. યુધિષ્ઠિર B. અર્જુન C. સહદેવ D. દુર્યોધન
૩૫. એક સાદો વિચાર પૂરો થાય ત્યારે કયું વિરામચિહ્ન પ્રયોજાય છે ?
A. પૂર્ણવિરામ B. અલ્પવિરામ **C.** અર્ધવિરામ **D.** ગુરુવિરામ
૩૬. એક વસ્તુની બીજી વસ્તુ સાથે તુલના કે સરખામણી કરવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ?
A. ઉત્પ્રેક્ષા B. ઉપમા **C.** રૂપક **D.** વ્યતિરેક
૩૭. "અલંકાર" કેટલા શબ્દોનો બનેલો છે ?
A. એક B. ચાર **C.** ત્રણ **D.** બે
૩૮. મહીકાંઠાના કયા ગામમાં 'બારડોલી સંગ્રામ'નો સંદેશ સંભળાવતી જાહેર સભા મળી હતી ?
A. સરસવણી B. ભરકડા **C.** વાસણા **D.** ખાનપુર
૩૯. વડદલાના મુખીનું ખૂન કોણે કર્યું હતું ?
A. વાઘલા B. મોતી **C.** ભીખા **D.** ખોડીઓ
૪૦. ઝવેરચંદ મેઘાણીએ મેટ્રિકની પરિક્ષા ક્યારે પાસ કરી ?
A. ૧૯૧૪ B. ૧૯૧૫ **C.** ૧૯૧૨ **D.** ૧૯૨૦
૪૧. ઝવેરચંદ મેઘાણીએ કોલેજના ઇન્ટરક્લાસના વાર્ષિક સમારંભમાં કયું ગીત ગાઈને સૌને મંત્રમુગ્ધ કરી દીધા ?
A. કસુંબીનો રંગ B. સિંધુડો **C.** શિવાજીનું હાલરડું **D.** ગુણવંતી ગુજરાત
૪૨. ઝવેરચંદ મેઘાણીને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ક્યારે એનાયત થયો ?
A. ૧૯૩૦ B. ૧૯૨૮ **C.** ૧૯૨૯ **D.** ૧૯૨૭
૪૩. ઝવેરચંદ મેઘાણીનું કયા રોગથી અવસાન થયું હતું ?
A. હૃદયરોગ B. ક્ષય C. કેન્સર D. કોલેરા
૪૪. કવિ કલાપીનો જન્મ ક્યારે થયો હતો ?
A. ૧૯૭૪ B. ૧૮૭૪ **C.** ૧૯૯૭ **D.** ૧૮૯૭
૪૫. કવિ કલાપીએ કઈ શાળામાં અભ્યાસ કર્યો હતો ?
A. રાજકુમાર કોલેજ B. શામળદાસ કોલેજ C. આલ્ફ્રેડ હાઇસ્કુલ D. શાંતિનિકેતન
૪૬. કવિ કલાપીના માતાનું નામ શું હતું ?
A. અહલ્યાબાઈ B. દમયંતીબેન C. આદિતબાઈ D. રામબાઈ
૪૭. કવિ કલાપી કેટલા વર્ષની ઉંમરે રાજગાદીએ બેઠા ?
A. ૨૧ B. ૧૫ **C.** ૧૨ **D.** ૧૯
૪૮. 'આંખ ફાટી જવી' રૂઢીપ્રયોગનો અર્થ જણાવો ?
A. નકામું જવું B. પ્રોત્સાહિત કરવું **C.** પ્રભાવિત થવું **D.** આશ્ચર્યચકિત બનવું
૪૯. કવિ કલાપીએ શોભાના શાથે ક્યારે લગ્ન કર્યા હતાં ?
A. ૧૮૯૬ B. ૧૮૯૯ **C.** ૧૮૯૮ **D.** ૧૮૯૭
૫૦. કવિ કલાપીનું કેટલા વર્ષની ઉંમરે અવસાન થયું હતું ?
A. ૨૧ B. ૨૫ **C.** ૨૬ **D.** ૩૦